# ગાંધીનગરમાં ફરી વાતાવરણમાં પલ્ટો

## ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ બાદ મોડી સાંજે ગાંધીનગરમાં વરસાદી વાતાવરણ બંધાયુ : જોકે બફારાએ નગરજનોને હેરાન પરેશાન કરી મુક્યા : વાદળોનો જમાવડો થયો

ગાંધીનગર, તા. ૨૨

ગયા અઠવાડિયે વાયુ વાવાઝોડાની અસરતળે ગાંધીનગરમાં વરસાદ પડ્યો હતો. ત્યારબાદ પુનઃ ગરમી વધતા આકરી ગરમી અનુભવાતી હતી. બફારાના કારણે ત્રસ્ત બનેલા નગરજનો આકાશમાં ઘેરાયેલા વાદળોના કારણે વરસાદની આશા રાખી રહ્યા છે.

જુન મહિના અંતિમ દિવસો ચાલી રહ્યા છે તેમ છતા હજુ સુધી ગાંધીનગરમાં જોઈએ તેવો વરસાદ વરસ્યો નથી.

ગયા અઠવાડિયે વાયુ વાવાઝોડાની અસર હેઠળ શહેરમાં ગાજવીજ સાથે એકાદ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે બે-ત્રણ દિવસ ઠંડક જોવા મળી હતી. જોકે વાદળો વિખેરાતા પુનઃ બફારાનું સામ્રાજ્ય છવાયુ હતુ. વાતાવરણમાં ભેજનું પ્રમાણ રહેતા બફારો અસહ્ય બન્યો હતો. પંખાની નીચે પણ પરસેવો થાય તેવો બફારો રહ્યો છે. પવન સાવ પડી જતાં ઘરની બહાર પણ બેસી શકાતુ નથી. તડકો ઓછો થયો હોવા છતાં બફારો ત્રાસદાયક બનતા નગરજનો હેરાન પરેશાન થઈ ચુક્યા છે. બફારાથી રાહત મળે તે માટે સૌ કોઈ આકાશ તરફ મીટ માંડીને બેઠા છે.



શનિવારે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ છવાયુ હતુ. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પણ પડ્યુ હતુ. ગાંધીનગરમાં પણ શનિવારે બપોર બાદ વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. આકાશમાં વાદળોની અવરજવર શરૂ થઈ હતી. વાદળોના કારણે વરસાદની આશા બંધાઈ હતી. થોડો થોડો પવન પણ શરૂ થતાં ટૂંક સમયમાં વરસાદ પડે તેવી પ્રાર્થના નગરજનો કરી રહ્યા છે.



સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ પ્રાંતિજ અને ગાંધીનગર શહેરના અગ્રણી બિલ્ડર બાબુભાઈ પટેલ (અશ્વમેઘવાળા) દ્વારા ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના જન્મદિન નિમિતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રુટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાબુભાઈ પટેલના પુત્ર શૈલેષ પટેલ, તેમના પૌત્ર સહિત ભારતીય જનતા પાર્ટીના કેતન જોશી, હર્ષદ પટેલ, તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં ખાસ હાજર રહ્યા હતા.

# અડાલજ આરોગ્ય કેન્દ્રમાં મૃતદેહના પોસ્ટમોર્ટમને લઈ પોલીસને ધક્કા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક આવેલા અડાલજ આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ થતા નથી કે ડોકટર દ્વારા કરવામાં આવતા નથી તે સમજાતુ નથી પરંતુ મૃતકના સ્વજન અને પોલીસને આ પગલે ચોકક્સ હેરાન થવાનો વારો આવે છે. આરોગ્ય તંત્રએ આદેશ કરેલો છે કે આરોગ્ય કેન્દ્રમાં પીએમ કરવા તેમ છતા સામુહીક આરોગ્ય કેન્દ્રમાં પીએમ કરવામાં આવતા નથી તે હકીકત છે. ત્યારે આજે અડાલજ પોલીસ ગાંધીનગર સિવિલ ખાતે પીએમ માટે એક મૃતદેહ લઈને આવી હતી. પરંતુ કોઈ કારણોસર આજે ગાંધીનગર સિવિલમાં પીએમ ન થતા મૃતદેહને લઈને અડાલજ પોલીસ આરોગ્ય કેન્દ્ર ખાતે પરત ગઈ હતી. ત્યારે મૃતદેહને પીએમ માટે આમથી તેમ લઈને ફરવુ પડતુ હોવાથી તેના સ્વજનોને કલાકોનો સમય અને હેરાન ગતિનો સામનો કરવો પડે છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે. જયારે સિવિલ હોસ્પિટલની શબવાહીની પણ છેલ્લા કેટલાક માસથી બંધ હાલતમાં છે અને મરામતની રાહ જોઈને ગેરેજની શોભા વધારી રહી છે ત્યારે જોવું રહ્યું કે સિવિલની શબ વાહિની રીપેરીંગ થઈને કયારે આવે છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને જિલ્લા આરોગ્ય તંત્રના સંકલનના અભાવે અડાલજ વિસ્તારના મૃતદેહના પીએમ માટે પોલીસને આમથી તેમ ધક્કા ખાવાનો વારો આવે છે. પોલીસ અડાલજ અને સુઘડ આરોગ્ય કેન્દ્રમાં મૃતદેહને લઈને જાય છે. ત્યારે ત્યાં ડોકટર હાજર હોતા નથી અને આરોગ્ય કેન્દ્રને તાળા હોય છે. જેને પગલે પોલીસે મૃતદેહ લઈને ગાંધીનગર સિવિલ સુધી જવુ પડે છે. જેથી ગાંધીનગર તાત્કાલીક વિભાગના ડોકટર ઈમરજન્સીમાં ફરજ બજાવતા હોવા છતા પીએમ માટે જાય છે. જેથી પોસ્ટમોર્ટમાં કલાકોનો સમય વિતી જાય છે અને પોલીસ તેમજ મૃતકના સ્વજનોને હેરાન પરેશાન થવાનો વારો આવે છે. જયારે આજે અડાલજ પોલીસ એક મૃતદેહને લઈને ગાંધીનગર સિવિલ આવી હતી પરંતુ ત્યારબાદ પરત અડાલજ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે ગઈ હતી.ત્યારે ઉલ્લેખનીય છે કે પોલીસે આગઉ લેખિતમાં ફરીયાદ કરી હતી કે અડાલજ વિસ્તારના આરોગ્ય કેન્દ્રમાં ડોકટર હાજર હોતા નથી અને આરોગ્ય કેન્દ્ર બહાર તાળા મારેલા હોય છે. તેમ છતા આરોગ્ય તંત્રના પેટનું પાણી હલતુ નથી અને મૃતદેહને લઈને સ્વજનો તેમજ પોલીસને આમથી તેમ રઝળપાટ કરવો પડે છે. ત્યારે આ અંગે જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ગ-૨ સર્કલ પાસેથી આઈ-૨૦ કારમાંથી ૪ પીધેલા પકડાયા

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરના ગ-૨ સર્કલ પાસેથી આઈ-૨૦ કારમાંથી દારૂ પીધેલા ચાર દારૂડીયાઓને સેકટર-૭ની સર્વેલન્સની ટીમે પકડી પાડ્યા છે. પોલીસે ચારેય સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના ગ-૨ સર્કલ પાસે સર્વેલન્સની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન આઈ-૨૦ ગાડી નં. જી.જે.૦૧.આરએલ-૭૩૨૯ રોડની સાઈડમાં પાર્ક કરેલી હાલતમાં નજરે પડી હતી. પોલીસે શંકાના આધારે ચેક કરતા તેમાથી ચાર શખ્સો પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. પીધેલાઓમાં ગીરીરાજસિંહ જયેન્દ્રસિંહ વાઘેલા (ઉં.વ.૨૫ સેકટર-૪ સી), તરૂણ જયંતિલાલ પરમાર (૩૪ વર્ષ સે-૩ એ), સતીશ હિરાભાઈ પરમાર(૪૭ વર્ષ, રહે.સેકટર-૪ એ), તેમજ ઉપેન્દ્ર સોમાભાઈ પરમાર ( ૩૩ વર્ષ, રહે.સે-૪ એ)નો સમાવેશ થાય છે. પોલીસે ચારેય સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોર પાટીયા પાસે કારની ટક્કરે ગાયનું મૃત્યુ

અડાલજ ગામની સીમમાં પોર પાટીયા પાસે કારની અડફેટે જર્સી ગાયનું મૃત્યું નિપજયુ હતું. અડાલજ રબારી વાસમાં રહેતા ભરતભાઈ રબારી અડાલજ પોર માર્ગ પર ખેતરમાંથી ગતરાત્રીના સમયે પોતાની ગાયો લઈને ઘર તરફ આવી રહ્યા હતા. તે સમયે રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં પોર ગામના પાટીયા પાસે માર્ગ ઓળંગતા સમયે કોબા તરફથી આવી રહેલી ફોર્ચ્યુનર કારના નં. યુ.પી.૯૩.એ.કે.-૧૧૧૧ના ચાલકે જર્સી ગાયને ટક્કર મારતા ગાય દુર ફેંકાઈ ગઈ હતી. ગાયને ગંભીર ઈજા થતા તે મૃત્યું પામી હતી.જયારે કારને પણ ભારે નુકશાન થતા કાર મુકીને ચાલક ભાગી ગયો હતો. યુવકે ગાડીના નંબરના આધારે રૂ.૪૦ હજારની કિંમતની ગાયના મોત અંગે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

# આજે ભાજપની પ્રદેશ સ્તરની કાર્યશાળા : યાદવની ઉપસ્થિતિ

લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ ભારતીય જનતા પાર્ટીએ હજુ પણ વિવિધ કામગીરીઓ માટે બેઠકોનો દોર જારી રાખ્યો છે. આવતીકાલે પણ ભાજપની મહત્વપૂર્ણ પ્રદેશ સ્તરની કાર્યશાળા યોજવામાં આવનાર છે. જેમાં જુદા જુદા પાસાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. પ્રભારી ભુપેન્દ્ર યાદવ માર્ગદર્શન આપશે. ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષ અને સંગઠન પર્વનાં ગુજરાત પ્રદેશ સંયોજક ભાર્ગવ ભટ્ટ તથા પ્રદેશ સહ સંયોજક રજની પટેલની સંયુક્ત અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે તારીખ ૨૩ જુન, ૨૦૧૯ રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે સંગઠન પર્વ અંતર્ગત પ્રદેશ સ્તરીય કાર્યશાળા યોજાશે, જેમાં રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ભાજપાની કેન્દ્રીય યોજના મુજબ સમગ્ર દેશમાં સંગઠન પર્વની શરૂઆત થઈ રહી છે, જે અંતર્ગત આગામી તારીખ ૬ જુલાઈ થી ૧૧ ઓગષ્ટ સુધી સમગ્ર દેશમાં સદસ્યતા વૃધ્ધિ અભિયાન યોજાશે, જેમાં મીસકોલના માધ્યમથી ઓનલાઈન પધ્ધતિથી પ્રાથમિક સભ્યોની નોંધણી કરવામાં આવશે. આ સમગ્ર બાબતોની માહિતી તેમજ “સંગઠન પર્વની વિવિધ કામગીરીઓ બાબતે આ બેઠકમાં માર્ગદર્શન આપી સંગઠન પર્વની કાર્યયોજના બનાવવામાં આવશે.

# નભોઈ કેનાલમાંથી બિનવારસી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદાની નભોઈ કેનાલમાંથી એક મહિલાનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો છે. મૃતદેહને ૧૦ દિવસથી પણ વધુ સમય પાણીમાં રહેતા મહિલાના મૃતદેહની ઓળખ પણ મુશ્કેલ બની ગઈ છે. એક રાહદારીએ કેનાલમાં તરતો મૃતદેહ જોતા પોલીસને જાણ કરતા ઈન્ફોસીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ ચૌધરી બનાવ સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહને કેનાલમાંથી બહાર કઢાવીને સ્થળ પર જ પીએમ કરવામાં આવ્યું હતું. ફોગાઈ ગયો હોવાથી પ્રાથમિક દ્રષ્ટિએ મૃતદેહ પુરૂષનો છે કે મહિલાનો તે ઓળખવુ પણ મુશ્કેલ બની ગયું હતું. ત્યારે ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



વર્લ્ડ મ્યુઝિક ડે નિમિત્તે શહેરના સ્મિત મ્યુઝિક ગ્રુપની ટીમ દ્વારા ગીત સંગીતની મહેફિલ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થાના સંચાલક દ્વારા યોગ દિવસ નિમિત્તે ગાયકી માટે યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

# લાયન્સ કલબના હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

લાયન્સ કલબ ઈન્ટરનેશનલ લાયન્સ કલબ અને લીઓ કલબ ઓફ અમદાવાદ હેરિટેજ દ્વારા ત્રીજી ઈન્સ્ટોલેશન સેરેમની તા. ૩૦ જૂનના રોજ યોજાશે. સાંજે ૬.૩૦ વાગે સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સંસ્થાના નવા ચૂંટાયેલા પ્રેસિડન્ટની શપથવિધિ યોજાશે.

આ કાર્યક્રમમાં ગત વર્ષના લાયન પ્રેસિડન્ટ લાયન તારક ઠક્કરના સ્થાને લાયન સુનિલભાઈ ત્રિવેદી શપથ લેશે અને નવા ચૂંટાયેલ લીઓ પ્રેસિડન્ટ લીઓ મીહીર શાહ શપથ લેશે. જે શપથ પાસ્ટ ડીસ્ટ્રીક ગર્વનર લાયન વિનોદ પટેલ દ્વારા ગ્રહણ કરાવવામાં આવશે. આ પ્રસંગે રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન પુરષોત્તમ રૂપાલા, લોકસભાના સંસદસભ્ય ડૉ. કીરીટભાઈ સોલંકી, બીજેપીના ગુજરાત રાજ્યના ઉપપ્રમુખ ગોરધનભાઈ ઝડફિયા અને વિક્રમ ચૌહાણ, ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ અને ડેપ્યુટી મેયર નાઝાભાઈ ધાંધર ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થાના પ્રેસિડન્ટ લાયન તારક ઠક્કર, લીઓ મીહીર શાહ, સેક્રેટરી લાયન જૈમિન મૈનવિયા અને પ્રિયંક અમ્રુતિયા દ્વારા સર્વેને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# પાટનગરની દિકરી CLATની પરીક્ષામાં ગાંધીનગરમાં પ્રથમ

ગાંધીનગર, તા.૨૨

નેશનલ લૉ યુનિવર્સિટી (એનએલયુ) દ્વારા યોજાયેલ કોમન લૉ એડમિશન ટેસ્ટ (CLAT) નું પરિણામ તાજેતરમાંજ જાહેર થયું. આ ઉચ્ચકક્ષાની પરીક્ષા ભારતભરની પ્રતિષ્ઠિત કોલેજમાં કાયદાકીય એટ્લે કે લૉ (એલ.એલ.બી કોર્સ માટે)ના ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, પ્રાપ્ત માહિતી અનુસાર, સ્તરે લેવાતી હોય છે.

ઉલ્લેખનીય છે કે આ વિદ્યાર્થીઓએ સી.એલ.એ.ટી. જેવી તમામ પરીક્ષાની તૈયારી ગુજરાત રાજ્યના પ્રખ્યાત શિક્ષણવિદ હાર્દિક કે. પરીખના ઉત્કૃષ્ઠ માર્ગદર્શન હેઠળ કરી હતી. હાર્દિક પરીખે વિદ્યાર્થીઓની પ્રશંસા કરતાં જણાવ્યુ હતું કે “અમે તો ફક્ત વિદ્યાર્થીઓને સાચો રસ્તો બતાવીએ છીએ,જેના પર ચાલવાનુ તો વિદ્યાર્થીઓ એ જ હોય છે.’’ અને દરેક વિદ્યાર્થીઓની પ્રશંશા કરતા ઉમેળ્યુ હતુ કે તેઓના આ પરિણામ પાછળ એમની તનતોડ મેહનત અને સમય સૂચકતા રહેલી છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા અને વિદ્યાર્થીઓમાં ખુબ જ જાણીતા એવા પરિધિ પરીખે પોતાનુ મંતવ્ય આપતા જણાવ્યુ હતું કે “અમે ખરેખર ગર્વની લાગણી અનુભવીએ છીએ કે વિદ્યાર્થીઓએ આટલુ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરી વિવિધ પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરેલ છે.’’



ગાંધીનગરના વિદ્યાર્થીની મેઘા યાદવએ કુલ ૨૦૦માંથી ૧૪૬ માર્કસ પ્રાપ્ત કરીને ગાંધીનગરના જિલ્લાના ઉમેદવારોમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અન્ય એક દીકરી મેઘા હુરકતએ ૧૩૭ જેટલા ઉત્કૃષ્ઠ માર્ક્સ પ્રાપ્ત કરેલ છે અને ગાંધીનગરના સફળ ઉમેદવારોમાં પોતાનું નામ નોંધાવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર મેઘા યાદવ સમગ્ર ગાંધીનગર શહેરમાં પ્રથમ ક્રમે છે અને સ્વાભાવિક રીતે તે ગાંધીનગરમાંથી આ પરીક્ષામાં ઉતીર્ણ થયેલી દીકરીઓમાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગાંધીનગરના અન્ય વિદ્યાર્થીઓમાં પ્રદ્યુતે ૧૪૩ અને આર્જવ શાહે ૧૨૬.૫ ગુણ પ્રાપ્ત કરી શ્રેષ્ઠ પરિણામ હાંસિલ કરેલ છે. આટલા સારા ગુણ લાવ્યા પછી પણ આ વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જીએનએલયુ) જ છે. ભારતભરમાં કુલ ૨૧ એન.એલ.યુ. છે જેમાં થી ૨૦ એન.એલ.યુ.માં પ્રવેશ માટે સી.એલ.એ.ટી. નામક પરીક્ષા રાષ્ટ્રીય

મેઘા યાદવ કે જેમના પિતા શ્રી વી. આર. યાદવ જે ખુદ એક સરકારી અફસર છે અને ડી.વાય.એસ.પી. તરીકે ફરજ બજાવી રહ્યા છે તે પણ પોતાની દીકરીના પરિણામને લઈ ને ખૂબ ઉત્સાહિત હતા. તેમણે ઉમેર્યું હતું કે સમાજમાં દીકરીને યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવે તો દીકરીઓ ખૂબ આગળ જઈ શકે છે. તેમનું સ્વપ્નું મેઘા યાદવને એક આઈ.એ.એસ. ઓફિસર તરીકે જોવાનું છે.

# આજે ટાઉનહોલમાં ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા જીવનસાથી સંમેલન યોજાશે

ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તા. ૨૩ જુનને રવિવારના રોજ જીવનસાથી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ટાઉનહોલ ખાતે સવારે ૮ કલાકે પસંદગી સંમેલનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવશે. આ જીવનસાથી સંમેલનમાં ગાંધીનગર શહેર અને જિલ્લાના યુવક-યુવતિઓએ ઉત્સાહભેર રજીસ્ટ્રેશન કરાવ્યું છે. તેમ ગાંધીનગર બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

# જીઈબીની સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

જીઈબી કોલોનીની સરકારી પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ-પ્રવેશોત્સવ યોજાયો હતો. શાળાના પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગત વર્ષના તેજસ્વી તારલાઓને કીટ આપવામાં આવી હતી. તથા પાટનગર યોજના વિશાલભાઈ પટેલ તથા મહાનગરપાલિકાના પ્રતિકભાઈ દ્વારા બાળકોને દફતર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બહોળી





આ કાર્યક્રમમાં આંગણવાડીના ૧૫ બાળકો અને ધો. ૯ના ૩૦ બાળકોનો પ્રવેશ કરાવાયો હતો. ધો. ૧ ના ૧૫ બાળકોને શાળામાં ગાયત્રી પરિવારના સભ્યોની હાજરીમાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરાવી પ્રવેશ અપાયો હતો. ભવનના કર્મચારી હેમતુજી ઠાકોર તરફથી બાળકોને ૩૫૦ કંપાસનુ વિતરણ કરાયુ હતુ. બીજે મેડીકલ કોલેજના આસિ. પ્રો. પામીનીબેન ત્રિવેદી દ્વારા ૧૦૦૦ ચોપડાનુ બાળકોને વિતરણ કરાયુ હતુ. તથા આપણા ફાઉન્ડેશનના પ્રણેતા સંખ્યામાં વાલીઓની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવ્યુ હતુ. શાળાના આચાર્ય દિપ્તીબેન વસાવડા તથા શાળા પરિવારની બહેનોને કાર્યક્રમમાં મુખ્ય ફાળો રહ્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ